**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૦૮/૦૭/૨૦૧૬ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૪ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી ૧૩ લીટર દેશી દારૂ, ૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૧૨ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૮ વ્યક્તિઓની અને પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૭/૧૬**

**શાહીબાગ** : સુરેશ નથમલ જૈન (ઉ.વ.૩૬)(રહે,ચંદન એપાર્ટમેન્ટ, શાહીબાગ) એ તા.૭/૭/૧૬ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૬/૧૬ સાંજનાં કોઇપણ સમયે આરોપી ધમેન્દ્રજી પ્યારેલાલ (બલઇ) (રહે,મંદીરની પાસે, ગોપાલબાગ, ઇન્દોર, મધ્યપ્રદેશ) સુરેશ જૈનની પત્નીને લલચાવી ફોસલાવી ત્રણ પુત્રીઓ સાથે અપહરણ કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.ચૌહાણ ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૪૮/૧૬**

**ગોમતીપુરઃ** નીરૂબહેન તે કિર્તિસિંહ સામતસિંહ રાજપતની વિધવા (ઉ.વ.૫૫) (રહે,ગંજીફરાકમીલની ચાલી રખિયાલ રોડ ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાની પુત્રી પુનમ ઉર્ફે જાગ્રુતી એ તેના પતિ કમલેશભાઇ પ્રવીણભાઇ મકવાણા (રહે. પટેલ પરમાનંદની ચાલી રખિયાલ રોડ ગોમતીપુર) ના શારીરીક અને માનસીક ત્રાસના કારણે તા.૭/૭/૧૬ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે સાસરીમાં પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.આર.જનકાંત ચલાવે છે.

**છેતરપીંડીની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૨૪૯/૧૬**

**નવરંગપુરા** : આરતીબહેન ડો/ઓ માણેકચંદજી સમધળીયા(ઉ.વ.૪૨)(રહે.સાંદિપની -૧, ઇશ્વરભુવન રોડ, કૈલાશનગર સોસાયટી, નવરંગપુરા) એ તા.૦૭/૦૭/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આશરે છ વર્ષ પહેલાંથી તા.૦૮/૦૪/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી આશીષકુમાર દશરથલાલ મોદી (રહે.શેઠવાડા બજારચોક, પ્રાંતીજ જી.સાંબરકાંઠા) એ આરતીબહેન સાથે લીવઇન રીલેશનશીપમાં રહી, વિશ્વાસ કેળવી આરતીબહેનનાં અલગ-અલગ બેંક એકાઉન્ટમાંથી આરતીબહેનની ખોટી સહીઓ કરી તેમજ આરતીબહેનનાં ક્રેડીટ કાર્ડ અને ડેબીટકાર્ડનો ઉપયોગ કરી કુલ રૂપિયા ૩૦,૨૦,૦૦૦/- મેળવી લઇ આરતીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.માલીવાડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૫૦/૧૬**

**ગાયકવાડ હવેલીઃ** ઉષાબહેન મુકુંદભાઇ દવે (ઉ.વ.૬૮)(રહે.શારદાનગર સોસાયટી, વિકાસગૃહ પાસે, મંગલદિપ ટાવર પાછળ, પાલડી) એ તા.૭/૭/૧૬ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૭/૧૬ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે જગન્નાથ મંદિરનાં કંમ્પાઉન્ડમાંથી ઉષાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને અન્ય એક મહિલાનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.યુ.પાડવી ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૧૨૫૧/૧૬**

**ઓઢવ** : રવિ ઉર્ફે રાહુલ જનાર્દનસિંહ રાજપુત (રહે.વૃદાવનપાર્ક સોસાયટી, આદિનાથનગરની પાછળ, રીંગ રોડ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૭/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ સિંગરવા રામદેવ ચાર રસ્તા નજીકથી રવિ રાજપુત મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે આરોપી સન્ની (જેના પુરા નામની ખબર નથી) (રહે. રામદેવ ચાર રસ્તા, સિંગરવા ઓઢવ) અને બીજા ત્રણ સાગરીતોએ ભેગામળી રવિ રાજપુતને ચપ્પાથી ઇજા કરી, ગળમાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૩૮૦/- મળી કુલ રૂપિયા ૪૫,૩૮૦/- ની લુંટ કરી પલાયન થઇ ગયા હતા.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આર.એન.ખાંટ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)